## જન્મદિને વધામણી


**સી એલ મહેતા**
- પ્રમુખ -
આત્મન ફાઉન્ડેશન
સહમંત્રી, શિવરંજની
- ઉપપ્રમુખ -
બ્રહ્મસમાજ, ગાંધીનગર
- કારોબારી સભ્ય -
જીઆઈસીઈએ
કલા ગુર્જરી
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
સૌરાષ્ટ્ર કચ્છ મિત્ર મંડળ
મો. ૯૪૨૬૦ ૦૯૬૪૯


**વિરાટ પટેલ**


**નિખિલ કથીરિયા**


**જ્યોત વિપુલકુમાર બારોટ**
મો. ૯૨૨૮૩ ૧૧૯૧૯


**મનિષ લમકા**


**રણછોડભાઈ કે પટેલ**
મો. ૯૪૨૮૪ ૧૫૦૨૦


**ડી જે દુધાત્ર**


**ગૌતમ દિલીપભાઈ પટેલ**
મો. ૯૮૯૮૯ ૫૬૯૫૭


**સુમનબેન શાહ**
મંત્રી, યમુના મહિલા સંગઠન
ફોન : ૨૩૨૨૩૧૫૬


**દશરથલાલ મોતીભાઈ ચાવડા**
મો. ૮૭૩૫૯ ૫૭૬૦૧


**વિષ્ણુ ભગત**

ઉમા આર્ટ્સ અને નાથીબા કોમર્સ મહિલા કોલેજ, ગાંધીનગર દ્વારા

# 'રિલેવન્સ ઓફ ઈન્ડિયન કલ્ચરલ હેરીટેજ ઈન મોડર્ન પર્સપેક્ટીવ' વિષયે રાષ્ટ્રીય પરિસંવાદ યોજાયો

ગાંધીનગર, તા. ૧

ઉમા આર્ટ્સ અને નાથીબા કોમર્સ મહિલા કોલેજ, ગાંધીનગર દ્વારા 'રિલેવન્સ ઓફ ઈન્ડિયન કલ્ચરલ હેરીટેજ ઈન મોડર્ન પર્સપેક્ટીવ' વિષય પર યુજીસી અનુદાનિત એક દીવસ રાષ્ટ્રીય પરિસંવાદ યોજવામાં આવ્યો હતો.

ઉદ્‌ઘાટન સત્રમાં લબ્ધપ્રતિષ્ઠિત સાહિત્યકાર, જ્ઞાનપીઠ ઍવોર્ડથી સન્માનિત રઘુવીર ચૌધરીએ પોતાના વક્તવ્યમાં ભારતીય સંસ્કૃતિના વારસા તરીકે વિવિધ ધર્મોની અદ્વૈતતા તથા વૈદિક સંસ્કૃતિના મહત્ત્વને વિભિન્ન દૃષ્ટાંતો આપી સમજાવ્યા હતા. કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રમુખ તથા સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પ્રમુખ વલ્લભભાઈ પટેલે રઘુવીર ચૌધરીનું સ્વાગત કર્યું હતું. મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત વલ્લભભાઈ પટેલે પ્રાસંગિક વક્તવ્યમાં સાંસ્કૃતિક વારસાના પુનઃમૂલ્યાંકન તથા પરિવર્તનની આવશ્યકતા બતાવી હતી. કૉલેજનાં આચાર્યા ડૉ. અમૃતાબેન પટેલે સંસ્થાનો પરિચય આપી પરિસંવાદના વિષયની પ્રાસંગિકતા રજૂ કરી હતી. પ્રથમ બેઠકના અંતે પરિસંવાદના સંયોજક પ્રા. રીટા ગાંધીએ આભારવિધિ કરી હતી.

બીજા સત્રની શરૂઆતમાં કૉલેજના સંસ્કૃત વિભાગના અધ્યક્ષ, અનુસ્નાતક વિભાગના પ્રૉ. ઈન-ચાર્જ તથા પરિસંવાદના સંયોજક ડૉ. યોગિનીબેન વ્યાસે મંગલાચરણ સાથે બીજરૂપ વક્તવ્ય આપ્યું હતું. સત્રમાં સારસ્વત વિશેષ તરીકે ઉપસ્થિત જગન્નાથપુરી સંસ્કૃત વિદ્યાલયના કુલપતિ ગંગાધર પાંડાએ વેદ, ઉપનિષદ, રામાયણ-મહાભારત જેવા બહુમૂલ્ય ગ્રંથોમાંથી અનેક સંદર્ભો સાથે પોતાનું બીજ વક્તવ્ય રજૂ કર્યું હતું. દિલ્લી, દૂરદર્શન, આકાશવાણી - સંસ્કૃત સમાચાર પ્રકાશક ડૉ. બલદેવાનંદ સાગરે પીપીટી દ્વારા પરિસંવાદના વિષય પર વક્તવ્ય આપ્યું હતું. કડી સર્વ વિશ્વવિદ્યાલયના ડિરેક્ટર ડૉ. ડી ટી કાપડિયાએ અધ્યક્ષીય પ્રવચન આપ્યું હતું. બીજી બેઠક બાદ પ્રા. ડૉ. રૂપા ચાવડાએ આભારવિધિ કરી હતી. બંને સત્રનું સફળ સંચાલન પ્રા. ડૉ. કીર્તિકમલ વાઘેલાએ કર્યું હતું.

સમાપન સત્રમાં ઍચ કે આર્ટ્સ કૉલેજ, અમદાવાદના આચાર્ય ડૉ. સુભાષ બ્રહ્મભટ્ટે વિદ્વત્તાપૂર્ણ, મનનીય વ્યાખ્યાન આપ્યું તેમજ ડૉ. ડી ટી કાપડિયાએ અધ્યક્ષીય વક્તવ્ય રજૂ કર્યું હતું. પ્રા. જ્યોતિ પંચાલે સમાપન સત્રનું સંચાલન તથા આભારવિધી કરી હતી.

કાર્યક્રમના અંતે પ્રતિભાગી ડૉ. મંજુલા વિરડીયા તથા ડૉ. હેતલબેન પટેલે પોતાના પ્રતિભાવો રજૂ કર્યા હતા. પરિસંવાદમાં ભાગ લીધેલા સહ પ્રતિભાગીઓને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં. પરિસંવાદની સફળતા માટે ઉપાચાર્ય ડૉ. પ્રણવ જોષીપુરા તેમજ સર્વ સ્ટાફના સભ્યોનો, સંસ્થાના સમગ્ર પરિવારનો સહકાર પ્રાપ્ત થયો હતો.


હેપ્પી બીસ નર્સરી સ્કૂલ, ગ્રીન સિટીનો બીજો વાર્ષિક ઉત્સવ નગરપાલિકા હૉલ, સૅક્ટર-૧૧ ખાતે ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં યોજવામાં આવ્યો હતો. નગરના ખ્યાત ઍડવોકેટ અશ્વિન ત્રિવેદી અને સંચાલિકા હેતલ ઠાકર દ્વારા દીપ પ્રાગટ્યથી કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો. મેયર હંસાબેન મોદીએ વિદ્યાર્થીઓને પોતાની શુભકામનાઓ પાઠવી હતી. બાળકોએ વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ પ્રસ્તુત કરીને પ્રેક્ષકો, વાલીઓનાં દિલ જીતી લીધાં હતાં.

# ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કૉલેજ દ્વારા વિદ્યાર્થી વિદાય સમારોહ યોજાયો હતો



ગાંધીનગર, તા. ૧

ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કૉલેજ, સરગાસણ ખાતે મંગળવારે ધોરણ-૧૦ ગુજરાતી માધ્યમ અને અંગ્રેજી માધ્યમ તથા ધોરણ-૧૨ સાયન્સના વિદ્યાર્થીઓના વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ દિવસે મૅનેજિંગ ટ્રસ્ટી ઍમ કે દલસાણિયાએ સાહસ દ્વારા સફળતા મળે તેમજ જીવનમાં સમાજને ઉપયોગી થવા જણાવ્યું. પ્રમુખ વી વી વૈષ્ણવે વિદ્યાર્થીઓને જીવનમાં આવતા સામાજિક પડકારોનો સામનો કેવી રીતે કરવો તથા હંમેશા જીવનમાં સજ્જન માણસ બનાવવા માટે કરણી અને કથનીમાં ફરક ન રાખી પૈસા કરતાં કર્મને વધુ મહત્ત્વ આપવાની ગુરુચાવી આપી હતી.

ફક્ત ભણતરને મહત્ત્વ આપવાને બદલે નિયમિત અને ડિસીપ્લીન માટે પણ સર્ટીફિકેટ દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં ડીજે સંગાથે વિદ્યાર્થીઓ પરંપરાગત રીતે ગરબા રમ્યા હતા તથા આનંદ, ઉત્સાહપૂર્વક વિદાયને માણી હતી. કાર્યક્રમના અંતે અલ્પાહારનું આયોજન કરવામાં આવ્યું હતું.

સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે શિક્ષક રાહુલભાઈ, અમિતાબેન ચૌધરી, ગુજરાતી માધ્યમના પ્રિન્સિપાલ પ્રવીણાબેન અને અંગ્રેજી માધ્યમના સુપરવાઈઝર દિપ્તીબેનના નેતૃત્વ હેઠળસોનલબેનના સફળ સંચાલન તથા તમામ શૈક્ષણિક સ્ટાફના સંપૂર્ણ સહયોગથી સફળતા મળી હતી.

# મહર્ષિ અત્રિ શાળા ખાતે રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી કરાઈ



ગાંધીનગર, તા. ૧

મહર્ષિ અત્રિ માધ્યમિક શાળા તથા પ્રાથમિક વિભાગમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી, જેમાં ખૂબ મોટી સંખ્યામાં બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

બાળકોએ ૩૫ પ્રકારના વિવિધ મૉડેલ્સ બનાવ્યાં હતાં, જેમાં ફ્રી ઍનર્જી, જનરેટર, વીજચોરી બચાવ, ઍક્સિડેન્ટ પ્રિવેન્ટર, ઘઉંના લોટમાંથી સર્કિટ, હાઈડ્રોલિક બ્રિજ જેવાં ખૂબ જ ઉપયોગી મૉડેલ્સ સામેલ હતાં.

બાળકોના માર્ગદર્શક તરીકે વિજ્ઞાનના શિક્ષક ઉલ્લાસબેન ચાવડા, ઉત્સવભાઈ પટેલ, પ્રકાશભાઈ પટેલે બાળકોનો ઉત્સાહ વધે તે માટે પ્રાથમિક વિભાગના આચાર્ય સંગીતાબેન મિસ્ત્રી, માધ્યમિક વિભાગના આચાર્ય ભરતસિંહ રાઠોડ તથા શાળાના સંચાલક ભરતભાઈ હુમ્મરે બાળ વિજ્ઞાનીઓને શુભકામના પાઠવી ઉત્સાહ વધાર્યો હતો.

# સે. ૨૯ની સરકારી પ્રાથમિક શાળા ખાતે ડૅન્ટલ ચિકિત્સા કૅમ્પ

ગાંધીનગર, તા. ૧

સરકારી પ્રાથમિક શાળા, સૅક્ટર-૨૯/૧ ખાતે સૅન્ટ્રલ યુનિવર્સિટીના સહયોગથી કર્ણાવતી ડૅન્ટલ કૉલેજના તબીબો દ્વારા દંત ચિકિત્સા સૅમિનાર યોજવામાં આવ્યો હતો, જેમાં શાળાના વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓની દંત ચિકિત્સા કરવામાં આવી હતી અને વિશેષ સારવાર માટે ઉવારસદની ડૅન્ટલ હૉસ્પિટલ ખાતે જરૂરિયાતમંદોને લઈ જવા સૂચન અપાયું.

આ પ્રસંગે સૅન્ટ્રલ યુનિવર્સિટીના આસિ. પ્રૉફેસર ડૉ. ઈસ્મિત કોર, ડૉ. લીટી ડેનિશ, રોહિત પરમાર, હેમંત પટેલે ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. શાળાનાં આચાર્ય મીનાક્ષીબેન કે જોષી દ્વારા સૌનો આભાર વ્યક્ત કરાયો હતો.


વીરમાયા સ્મારક ભવનના નિર્માણ માટે આજે ગુજરાત સરકારના અનુ.જાતિ કલ્યાણ વિભાગના સંસદીય સચિવશ્રી જેઠાભાઈ સોલંકીએ રૂ. ૧ લાખનો ચેક અર્પણ કર્યો હતો. આ પ્રસંગે રૂ. ૧ લાખનો ચેક સ્વીકારતા સંસ્થાના પ્રમુખ શ્રી ઝવેરભાઈ ચાવડા નજરે પડે છે. આ પ્રસંગે મહામંત્રી ડી. પી. પરમાર અને મંત્રી કે.આઈ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

# એક ટાબરીયું આઠ-દસ વર્ષના છોકરાને કૂવામાંથી કેવી રીતે બહાર કાઢી શકે ?




થોડા દિવસો પહેલાં મેં એક વાર્તા સાંભળી. વાર્તા એકદમ ટૂંકી, સદી અને સરળ હતી. વાર્તા આમ હતી.

બે બાળકો. બંને ખાસ મિત્રો. એક નાનો છ-સાત વર્ષનો. બીજો મોટો આઠ-દસ વર્ષનો. બંને વચ્ચે ગાઢ દોસ્તી. બંને એક નાના ગામડામાં રહે. બંને એક દિવસ રમતા-રમતા ને ફરતા-ફરતા ગામની બહાર નિર્જન વગડામાં પહોંચી ગયા. નિર્જન વગડામાં બને આગળ વધતા હતા ત્યાં અજાણતાં જ મોટા મિત્રનો પગ ફસડાયો અને તે કાંઠા વિનાના એક કૂવામાં પડી ગયો. કૂવામાં પામી હતું ને તે મિત્રને તરતાં આવડતું હતું એટલે તરતાં-તરતાં તે 'બચાવો-બચાવો'ની બૂમો પાડવા લાગ્યો. પોતાનો મિત્ર કૂવામાં પડી ગયો છે એ વાત જાણીને નાનો મિત્ર બેબાકળો બની ગયો. મદદ માટે તે પણ બૂમો પાડવા લાગ્યો. પણ તે વિસ્તાર નિર્જન હતો એટલે તેની બૂમો કોઈએ ન સાંભળી.

કોઈપણ ભોગે મિત્રને બચાવવો તો હતો એટલે બીજી કંઈ મદદ માટે પોતાની આસપાસ નજર કરી. કૂવાની બાજુમાં એક બાલદી બાંધેલું દોરડું પડ્યું હતું. એ જોઈને નાના મિત્રના મગજમાં ઝબકારો થયો. તેણે તરત જ બાલદી બાંધેલું દોરડું ઉપાડ્યું ને દોરડું ને બાલદી કૂવામાં સરકાવ્યાં. કૂવામાં મિત્ર બહાર નીકળવા માટે તરફડીયાં મારતો હતો. તેના સુધી દોરડું અને બાલદી પહોંચ્યાં. નાના મિત્રએ બૂમ પાડીને કૂવામાં પડેલા મિત્રને દોરડું મજબૂત પકડી રાખવાનું કહ્યું. મિત્રએ દોરડું મજબૂત રીતે પકડી લીધું. નાનો મિત્ર જોર કરી-કરીને દોરડું ખેંચતો રહ્યો ને મહામહેનતે કૂવામાં પડેલા મિત્રને જીવતો બહાર ખેંચી રાખ્યો. બંને મિત્રો ખુશીથી ભેટી પડ્યા.

બંને મિત્રો ગામ તરફ પાછા વળ્યા. ગામમાં જઈને બનેલી ઘટના વિષે માતા-પિતાને, કુટુંબીજનો, ગામલોકોને વાત કરી. પણ તેઓની વાત કોઈએ માની નહીં. ઉલટાનું એવું કહીને બધાએ આ બે મિત્રોની વાતને હસી કાઢી કે એક છ-સાત વર્ષનું ટાબરીયું આઠ-દસ વર્ષના છોકરાને ખેંચીને કૂવામાંથી કેવી રીતે બહાર કાઢી શકે ? આ વાત બિલકુલ માનવામાં ના આવે એવી છે ને બાળકો ખોટું બોલે છે.

બાળકોએ ગામના એક વૃધ્ધ કે જેમનું સૌ સન્માન કરતા હતા તેમને જઈને આ વાત કહી. વૃધ્ધો બાળકોની વાત માની. ગામના સૌથી વધુ સમજદાર વ્યક્તિ તરીકે જેમની ગણના થતી હતી એવા વૃધ્ધે બાળકોની વાત માની એટલે ગામલોકોને આશ્ચર્ય થયું અને વાતમાં કંઈક દમ પણ લાગ્યો. ગામલોકોએ બાળકોની વાતને સાચી માનવા પાછળનું કારણ વૃધ્ધને પૂછ્યું. વૃધ્ધે સુંદર જવાબ આપ્યો, 'નાનો મિત્ર ભલે છ-સાત વર્ષનો છે. તેણે આઠ-દસ વર્ષના બાળકને ખેંચીને કૂવામાંથી બહાર કાઢ્યો અને તેનો જીવ બચાવ્યો છે એ માની શકાય એવી વાત છે. કારણ કે જ્યારે આ ઘટના બની ત્યારે ત્યાં કોઈ વ્યક્તિ હાજર ન હતી. અને બીજી મહત્ત્વની વાત, નાનો મિત્ર જ્યારે બાળકને કૂવામાંથી બહાર કાઢવા માટે દોરડું ખેંચતો હતો ત્યારે તેમને એવું કહેનારું કોઈ ન હતું કે એલા છોકરા, તું તો ટાબરીયું છે, તારાથી આ દોરડું નહિ ખેંચી શકાય કે આ તારા બળનું કામ નથી.'

વાર્તા અહીં પૂરી થાય છે પણ વાત અહીંથી જ શરૂ થાય છે.

'તારું આ કામ નથી.'

'તારાથી આ ના થઈ શકે.'

'તું હજી આ કામ માટે નાનો છે.'

'નકામો સમય બરબાદ ના કર.'

'તું આ કરી જ ના શકે.'

'નાહકનો હેરાન ના થા, તારા બળનું આ કામ નથી.'

'તું હજુ છોકરું કહેવાય.'

વડીલો દ્વારા બાળકોને કહેવાતા આ પ્રકારના શબ્દો આપણે વારંવાર સાંભળ્યા છે અને વડીલ તરીકે આવા શબ્દો આપણે બાળકોને કહ્યા પણ છે. મા-બાપ અને વડીલો દ્વારા આ પ્રકારના શબ્દો દ્વારા બાળકોને વાંરવાર ટકોરવામાં આવે છે. આ પ્રકારના શબ્દોને કારણે બાળકો નવાં સાહસો કરતાં અટકી જાય છે. બાળકો નિરુત્સાહી બની જાય છે, તેમનો જુસ્સો અને જોમ ઓછાં થઈ જાય છે.

લાંબા સમય પછી પરિણામ એવું આવે છે કે બાળકોનાં મનમાં એક એવી ગ્રંથિ બંધાઈ જાય છે કે હું કંઈ જ કરી શકું એમ નથી.' અને આવી ગ્રંથિ એકવાર બંધાઈ જાય તો એ ઘડીકમાં છૂટતી નથી. આવી વ્યક્તિઓ યુવાન થાય પછી પણ તેમનામાં આત્મવિશ્વાસની કે કંઈક નવું કરવાની તૈયારી ઓછી જોવામાં આવે છે ને પરિણામે તેઓ પોતાની જિંદગી જાનદાર રીતે જીવી શકતા નથી.

તેથી આપણા સૌની ફરજ છે કે -

બાળકોનો આત્મવિશ્વાસ ડગી જાય એવું કંઈ જ ના કરીએ કે ના બોલીએ. તો અને તો જ તેઓ યુવા થઈને શાનદાર ને જાનદાર જીવી શકશે.



# હોટલો, મોલ, થિયેટરોમાં સીસીટીવી મુકવા જ પડશે

અમદાવાદ,તા. ૧

અસામાજિક તત્વોની ગતિવિધિને રોકવાના હેતુસર હવે નવું જાહેરનામુ જારી કરાયું છે જેના ભાગરુપે ૧૦થી વધુ સંખ્યામાં બેઠક ધરાવનાર રેસ્ટોરન્ટ, ગેસ્ટહાઉસ, લોજિંગ, બોર્ડિંગ, ધર્મશાળા, અતિથિગૃહ, વિશ્રામ ગૃહ, કોમર્શિયલ સેન્ટર, પેટ્રોલ પંપ, ટોલ પ્લાઝા, બહુમાળી ઈમારતો, પાવર હાઉસ જેવી તમામ જગ્યાઓ ઉપર સીસીટીવી ફરજિયાતપણે ગોઠવવા પડશે.

આ અંગેનું જાહેરનામુ આજે જારી કરવામાં આવ્યું છે. ગુનાઓને રોકવાનો હેતુ આની પાછળ રહેલો છે. ગુનેગારોની ગતિવિધિ પર આના લીધે બ્રેક મુકી શકાશે. ગુપ્તચંર સંસ્થાઓ દ્વારા ત્રાસવાદીઓ શહેરના રહેણાંક વિસ્તાર તેમજ હોટલમાં આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે તેમજ માનવ જીંદગીને ખુવારી થાય અને લોકોની સંપત્તિને નુકસાન પહોંચાડવાના પ્રવાસ કરી રહ્યા છે જેને પગલે જાહેર જનતાના સલામતી અને સુરક્ષાને પગલે પોલીસ કમિશનર શિવાનેંદ ઝાએ જાહેરનામુ બહાર પાડ્યું છે જેમાં કોઈપણ વ્યક્તિને ભાડે મકાન, ઓફિસ આપતો ભાડુઆત સંબંધિત દસ્તાવેજો તેમજ પોલીસને જાણ કરવાના આદેશ આપ્યા છે તેમજ પેટ્રોલ પંપ, મલ્ટીપ્લેક્ષ થિયેટર, શોપિંગ સેન્ટરોમાં સીસીટીવી કેમેરા રાખવાના આદેશ આપ્યા છે. આ હુકમ નવમી માર્ચ ૨૦૧૬થી ૭મી મે ૨૦૧૬ સુધી એટલે કે ૬૦ દિવસ સુધી અમલમાં રાખવાના આદેશ આપ્યા છે.